# એમ.ટી.પી - મેડીકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (સુધાર) કાયદો, ૨૦૨૧, ભારત.

CommonHealth

## પરિચય

ભારતમાં ગર્ભસમાપન અમુક નિયમો અંતર્ગત કાયદેસર છે. ૧૯૭૧ માં, ભારત સરકારે એમ.ટી.પી. કાયદો પસાર કર્યો. ૧૯૭૧ પહેલા, ગર્ભસમાપન કરાવવું એ આઈ.પી.સી.ની કલમ ૩૧૨ હેઠળ સજાપાત્ર ગુનો હતો. ૧૯૬૪ માં, વધતી જતી જનસંખ્યા, માતા મૃત્યુ અને અસુરક્ષિત ગર્ભસમાપનમાં ચિંતાજનક વધારો સામે આવતા ભારત સરકારે ગર્ભસમાપનના સામાજિક-સાંસ્કૃતિક, કાયદાકીય અને તબીબી પાસાઓની સમીક્ષા માટે શાંતિલાલ શાહ કમિટી બનાવી. સમિતિના અહેવાલમાં ચોક્કસ શરતો હેઠળ ગર્ભસમાપન સેવાઓને કાયદેસર કરવાની દરખાસ્ત કરવામાં આવી. ૧૯૭૧ના એમ.ટી.પી. કાયદામાં આ ભલામણોને આવકારવામાં આવી. આ કાયદામાં ત્રણ વખત એટલે કે ૨૦૦૨, ૨૦૦૩ અને હાલમાં ૨૦૨૧માં સુધારો કરવામાં આવ્યો. આ કાયદા હેઠળ ચોક્કસ જોગવાઈઓ છે અને તેના ઉલ્લંઘનને ૩૧૨ કલમ હેઠળ ૨ થી ૭ વર્ષની સખત કેદ સાથે સજાપાત્ર ગુનો ગણાવામાં આવે છે.

## ગર્ભસમાપન માટેના માપદંડો

આ કાયદાની અંદર ગર્ભસમાપન ત્યારે જ શક્ય છે જયારે

- ગર્ભાવસ્થાથી ગર્ભવતી મહિલાના જીવન કે સ્વાસ્થ્યને જોખમ હોય.
- ગર્ભાવસ્થાનું કારણ બળાત્કાર હોય
- ગર્ભનિરોધકની અસફળતાને કારણે ગર્ભાવસ્થા રહી હોય.
- જન્મ લેવાવાળા બાળકમાં શારીરિક કે માનસિક વિકલાંગતા હોય જેનાથી બાળકને જોખમ હોય.

## ગર્ભસમાપન માટેનો સમયગાળો

૨૦૨૧ના સુધારા પછી, ગર્ભાવસ્થાના ૨૪ અઠવાડિયા સુધી ગર્ભસમાપન શક્ય છે.

- ૨૦ અઠવાડિયા સુધીના ગર્ભના ગર્ભસમાપન માટે એક નોંધણી થયેલા (રજીસ્ટર્ડ) ડોક્ટરની મંજુરી જરૂરી છે.

- ૨૦ થી ૨૪ અઠવાડિયા સુધીના ગર્ભના ગર્ભસમાપન માટે બે રજીસ્ટર્ડ ડોક્ટરની મંજુરી જરૂરી છે.

ઉપરાંત, ૨૦ થી ૨૪ અઠવાડિયાના ગર્ભસમાપન માટેના ચોક્કસ નિયમો હશે જે ઘટાડવામાં આવી રહ્યા છે. આ નિયમો મુજબ ગર્ભમાં નોંધપાત્ર વિકૃતીઓના કિસ્સામાં, ૨૪ અઠવાડિયા પછી પણ ગર્ભસમાપન કરવાની મંજુરી રાજ્ય મેડીકલ બોર્ડની ભલામણ પર આપવામાં આવશે.

## મેડીકલ બોર્ડ

દરેક રાજ્ય સરકાર સત્તાવાર ગેજેટમાં સુચના દ્વારા મેડીકલ બોર્ડની રચના કરશે જેમાં એક સ્ત્રી રોગ નિષ્ણાંત, એક બાળરોગ નિષ્ણાંત, એક રેડીઓલોજીસ્ટ કે સોનોલોજીસ્ટ અને સરકાર દ્વારા નીમાયેલા બીજા સભ્યો હશે.

## સેવા પ્રદાતાઓ

ગર્ભસમાપન ખાલી ત્યારે જ શક્ય છે જ્યારે તે અનુભવી નોંધાયેલ (રજીસ્ટર્ડ) તબીબી ડોક્ટર (એલોપેથી ડોક્ટર) અથવા નિયમો અંતર્ગત તાલીમ પામેલા સ્ત્રી રોગ નિષ્ણાંત દ્વારા કરવામાં આવે.

## ગર્ભસમાપન માટેનું સ્થળ

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઉપરના સરકારી આરોગ્ય સંસ્થા/કેન્દ્રો ગર્ભસમાપનની સેવાઓ માટે આપમેળે મંજુર કરવામાં આવે છે.
- ખાનગી ક્ષેત્રમાં સરકાર દ્વારા આ અધિનિયમના હેતુ માટે રચાયેલા જીલ્લા કક્ષાની સમિતિ દ્વારા આરોગ્ય સુવિધાઓ/કેન્દ્રો મંજુર કરવામાં આવી છે.
- પહેલા તબક્કામાં ગર્ભસમાપન માટે, આરોગ્ય સુવિધાઓ કેન્દ્રો એક તપાસ માટેનું ટેબલ, દવાઓ, તાત્કાલિક જરૂરિયાત માટેના ઈન્જેકશનો/બોટલો તથા વાહનવ્યવસ્થાથી સુસજ્જ હોવા જોઈએ. બીજા તબક્કાના ગર્ભસમાપન માટે, ઉપરની સુવિધાઓ સિવાય, આરોગ્ય કેન્દ્રોમાં ઓપરેશન ટેબલ, સજીર્કલ સાધનો અને એનેસ્થેશિયા સાધનો ઉપલબ્ધ હોવા જોઈએ.
- ઔષધીય ગર્ભસમાપન માટે, રજીસ્ટર્ડ ડોક્ટર કોઈપણ કેન્દ્રમાં મેડીકલ ગર્ભસમાપન ગોળીઓ આપી શકે છે જો તે ડોક્ટર પાસે ગર્ભસમાપન કરવા માટેની માન્યતા હોય. આ ડોક્ટરે માન્યતાનું પ્રમાણપત્ર તેના કેન્દ્ર પર લગાવવાનું હોય છે.

## સેવાઓની જોગવાઈ

ગર્ભસમાપન સેવાની જોગવાઈ

- ગર્ભસમાપન માટે ખાલી મહિલાની સંમતીની જરૂર છે, સિવાય કે તે ૧૮ વર્ષથી નાની હોય અથવા માનસિક બીમાર હોય. એટલેકે આવા સમયે તેમના પાલકની સંમતી લેવાની હોય છે. પતિ/પાર્ટનર કે બીજા કોઈ કુટુંબના સભ્યની સહીની જરૂર નથી.
- ગર્ભસમાપન માટે જતી મહિલાની અંગત માહિતી ગોપનીય રાખવાની હોય છે.

૨૦૨૧ નો સુધારો સ્પષ્ટપણે જણાવે છે કે કોઈ પણ રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનર (ડોક્ટર) તે મહિલાની અંગત વિગતો જેનું આ કાયદા હેઠળ ગર્ભસમાપન કરવામાં આવ્યું છે, તે સમયના કોઈપણ કાયદા દ્વારા અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય વ્યક્તિને જાહેર કરશે નહિ .

આ જોગવાઈના કોઈપણ ઉલ્લંઘનને એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને સજા થઈ શકે છે.

## ગર્ભસમાપનની પદ્ધતિઓ

- **મેડીકલ (દવા):** ગર્ભધારણાના ૭ અઠવાડિયા કે ૪૯ દિવસ સુધી માન્યતા. મોઢાથી ૨૦૦ mgs ની એક મીફેપ્રિસ્ટોન ટેબ્લેટ લીધાના ૩૬ થી ૪૮ કલાકની અંદર ૨૦૦ mcg ની બે મીસોપ્રોસ્ટોલ યોનીમાર્ગ કે જીભની નીચે મુકવા માટે ડોક્ટર સુચન કરી શકે છે. ૯૩ દિવસ સુધીના ગર્ભના ગર્ભસમાપન માટે ૨૦૦ mgs ની એક મીફેપ્રીસ્ટોન અને ૨૦૦ mcg ની ચાર મીસોપ્રોસ્ટોલ દવાનું સંયોજન હોય છે, જે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય હોય છે.. સેવા પ્રદાતાના પ્રિસ્ક્રીપ્શન પર દવા ઉપલબ્ધ હોવી જોઈએ અને દવાનો વહીવટ એટલેકે દવા તબીબી દેખરેખ હેઠળ લેવી જોઈએ.
- **સર્જીકલ:-** ૧૨ અઠવાડિયા સુધીની સગર્ભાવસ્થાના અંત માટે મેન્યુઅલ અને ઇલેક્ટ્રિક વેક્યુમ એસ્પીરેશન કરવામાં આવે છે. ૧૨ અઠવાડિયા ઉપરની સગર્ભાવસ્થાના અંત માટે, એનેસ્થેશિયા આપીને ડાયલેશન અને ઈવેક્યુશન કરવામાં આવે છે.

## ગર્ભસમાપન કાયદાની સમયરેખા

**૧૯૭૧ સુધી :-** મહિલાની જાનને જોખમ સિવાય આઈ.પી.સી. ની ધારા ૩૧૨ હેઠળ ગુનાપાત્ર

**૧૯૬૪ :-** મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી પ્લાનિંગ દ્વારા શાંતિલાલ શાહ સમિતિનની રચના

**૧૯૬૬ :-** શાંતિલાલ શાહ સમિતિ દ્વારા અહેવાલની રજૂઆત.

**૧૯૭૦ :-** શાંતિલાલ શાહ સમિતિની ભલામણો સ્વીકારી અને સંસદમાં બીલ તરીકે રજૂ કરવામાં આવી.

**૧૯૭૧ :-** સંસદમાં એમ.ટી.પી. બીલ પાસ થયો.

**૧૯૭૨ :-** જમ્મુ અને કાશ્મીર સિવાય બધા રાજ્યોમાં એમ.ટી.પી. કાયદો લાગુ પડ્યો. આઈ.પી.સી. ની કલમ ૩૧૨ અમલમાં હતી.

**૧૯૭૫ :-** એમ.ટી.પી. નિયમો ઘડવામાં આવ્યા.

**૨૦૦૨ :-** ખાનગી સ્થળ માટે વિકેન્દ્રિત મંજુરી પ્રક્રિયામાં એમ.ટી.પી. કાયદામાં સુધારો - 'પાગલ' શબ્દને 'માનસિક બીમાર' સાથે બદલવો અને પાલન ન કરવા માટે કડક દંડની રજૂઆત.

**૨૦૦૩ :-** જીલ્લા સ્તરીય સમિતિ, માળખાકીય સંબધિત ગાઈડલાઈન અને માન્ય થયેલ જગ્યા માટે નિરીક્ષણ અને રદ કરવાની પ્રક્રિયા વ્યાખ્યાયિત કરવાને લઈને કાયદામાં સુધારો.

**૨૦૧૪ :-** આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એમ.ટી.પી. સુધારા બીલ ૨૦૧૪ને સાર્વજનિક ક્ષેત્રમાં વહેચ્યું. આ સુધારામાં ગર્ભસમાપનની મર્યાદા કાયદાકીય રીતે વધારવા અને એમ.ટી.પી. કાયદાની ચોખવટ કરવામાં આવી.

**૨૦૧૬ :-** એમ.ટી.પી. સુધારા બીલ, ૨૦૧૬ બનાવવામાં આવ્યો. આમાં ગર્ભસમાપનની સમયમર્યાદા વધારવા માટે, તથા બળાત્કાર થયો હોય, એકલી તથા વિકલાંગ મહિલાની આ કાયદો સુધી પહોચ પર ચોખવટ કરવામાં આવી.

**૨૦૨૧ :-** એમ.ટી.પી. સુધાર કાયદો, ૨૦૨૧ સંસદમાં પસાર થયો. તેના નિયમો ઘડવાનું કાર્ય હાલમાં ચાલુ છે.


**SAHAJ on behalf of CommonHealth**

SAHAJ, 1 Shri Hari Apartments, 13 Anandnagar Society,
Behind Express Hotel, Alkapuri, Vadodara, Gujarat, India 390007
Tel: 91-265-2342539 • Email: sahaj_sm2006@yahoo.co.in
Website: www.sahaj.org.in

Contact: Swati Shinde [Coordinator CommonHealth] • Email : cmnhsa@gmail.com
CommonHealth website: http://www.commonhealth.in